## માન. ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીનું પ્રવચન

**નમસ્કાર,**

માનનીય પ્રધાનમંત્રીશ્રી એ રાષ્ટ્રીય એકતા લાવવા તથા જન સામાન્યની સુગમતા વધારવાના શુભાશયથી "વન નેશન વન રેશનકાર્ડ" યોજના અમલમાં મુકેલ છે, જે યોજના લાભાર્થી તરીકે નોધાયેલ કોઈપણ રાશનકાર્ડધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે રાજયના કોઇપણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં રહેવા જતાં પરપ્રાંતીય મજૂરો, કારીગરો, ખેતમજુરો તેમજ વિચરતું જીવન જીવતાં પરિવારો જે રાજ્ય, જિલ્લા, તાલુકા, ગામમાં વસવાટ કરતાં હોય, ત્યાંની વાજબીભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે. જેથી NFSA હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે.

એનએફએસએ હેઠળ લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર જથ્થો દેશ ની, રાજ્ય કે જિલ્લાની કોઈ પણ દુકાનેથી સમય સર સરળતાથી અને પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે "વન નેશન વન રેશનકાર્ડ" યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં "વન નેશન વન રેશનકાર્ડ" યોજનાની શરૂઆત વર્ષ-૨૦૧૯થી કરવામાં આવેલ હતી. અને ત્યારથી આજદિન સુધી દેશભરમાં અંદાજિત ૧૨૨ કરોડ પોર્ટેબલીટી વ્યહવારોની નોંધણી થયેલ છે. એમાં ગુજરાત રાજ્યમાં વર્ષ-૨૦૧૯ થી ૨૦૨૩ સુધી ૫૮ લાખ ટ્રાન્જેક્શન રાજ્યની ૧૭ હજાર વાજબી ભાવની દુકાનેથી નોંધવામાં આવેલ છે.

**હું ખુશ છું કે,** આ યોજનાનો બહોળો પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમ્યાન તમામ તાલુકાઓને પેમ્પ્લેટ અને બેનર આપવામાં આવેલ હતા.

માન. મહોદય શ્રી, વધુમાં જણાવવાનું કે,આ યોજનાના અમલીકરણ માટે દરેક વાજબીભાવના દુકાનદારને ૫ % (પાંચ ટકા) વધારાનો અનાજનો જથ્થો (ઘઉ અને ચોખા) આપવામાં આવે છે. જે વાજબીભાવની દુકાનેથી વધુ રાશનકાર્ડધારકો વન નેશન વન રાશનકાર્ડ(ONORC) હેઠળ લાભ મેળવતા હોય તે વાજબી ભાવના દુકાનદાર જાતે પોતાના લોગીનમાંથી (ADDITIONAL PERMIT) (વધારાની પરમીટ) જનરેટ કરી વધારાનો અનાજનો જથ્થો મેળવી શકે છે.

આમ, **"વન નેશન વન રેશન કાર્ડ"** યોજના એ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં લાવેલ ડીજીટલ ક્રાંતિકારી યોજના છે, જે લાભાર્થીઓના જીવનને વધુમાં વધુ સરળ બનાવી રહેલ છે.

**"વન નેશન વન રેશનકાર્ડ"** દ્વારા સ્થળાંતર થતા લાભાર્થી પોતાનું સરનામું બદલ્યા વગર કોઈ પણ દુકાનથી મળવાપાત્ર જથ્થો સરળતાથી મેળવી શકે છે. માનનીય મહોદય **"વન નેશન વન રેશનકાર્ડ"** યોજના એ એક રાષ્ટ્રીય પહેલ છે. અને તેનો મૂળ ઉદ્દેશ્ય ભારતને આત્મનિર્ભર બનાવવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.